ગાંધીનગર સમાચાર





# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*વ્યક્તિગત વિચારનો વિચ્છેદ હોય છે ન્યાયમાં,*
*ભક્તિને ધર્મથી, દૂર નો નાતો હોય છે ન્યાયમાં*
*ને ન્યાયમાં હોય છે; બાદબાકી અંગત શ્રદ્ધાની -*
*પરાવા પર જ બધો આધાર હોય છે ન્યાયમાં*
*(મા. શ્રી મૂકેશચંદ્ર શર્માની શિવભક્તિ!!)*

### હાઈકુ

*થયું ઢીમણું*
*નોટબંધી ના પથ્થરે -*
*આર્થિક ભાલે!*
*(વિકાસ દર ઘટયો)*

*એક દિન ના*
*નાટકમાં પણ થાય*
*ભવ્ય સેટીંગ્સ!*
*(અમિત બાપુ*
*(આદિવાસી ઝૂંપડે)*

## ચિંતન

*અગ્નિવર્ગ્નિ ન નિક્ષિપેત્ ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**અગ્નિમાં અગ્નિ ના હોમો.**

**જો કોઈ વ્યક્તિને ક્રોધ ચડ્યો હોય તો એની સાથે ક્રોધિત બની વાત ના કરવી જોઈએ, બલ્કે શાંતિથી વાત કરવી જોઈએ. ક્રોધ અગ્નિ સમાન છે. ક્રોધે ભરાયેલ વ્યક્તિ સાથે ક્રોધિત બની વાત કરવાથી એનો ક્રોધ બેવડાય છે.**

**જયારે વાત વણસે અને બંને પક્ષ ગુસ્સા અને વાદ-વિવાદનો અગ્નિ પ્રકટે ત્યારે એક માણસે - એક પક્ષે સહનશીલ પણું દર્શાવી શાંત થઈ, ત્યાંથી ખસી જવું જોઈએ - અગ્નિમાં અગ્નિ હોમવો ન જોઈએ.**

## સુવિચાર

- સમયની રેતમાં દીવો તરતો મૂકવાની કળા એટલે જિંદગી - **કલ્પના ગાંધી**
- તલવારથી જીતી જનારાને હરાવવો સંભવ છે પણ જે સ્મિતથી જીતી જાય છે તેને હરાવવો અસંભવ છે - **ફાધર વાલેસ**
- વાયદો આપવો જ એવો કોઈ ફાયદો કયાંક હતો નથી, પણ જે વાયદો આવે છે તે ફાયદો મેળવે જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે વડીલો પોતાના બાળકોની આંખો વાંચી શખે છે, એ બાળકો મોટા થઈને મા-બાપની ચહેરા પરની કરચલી વાંચી શકે છે - **મુંબઈ સમાચાર**
- રોક સકો તો રોક લો ખુદ, અપને આપકો, કોઈ મસીહા ન રોક સકેગા, મુજકો, હમકો, આપકો - **એસ.એમ.એસ.**
- આવતીકાલના યુવાનોના ભવિષ્યનું નિર્માણ કરવાનું કદાચ આપણા હાથમાં નથી, પણ તેમને ભવિષ્ય માટે નિર્માણ કરવાનું ચોક્કસ આપણા હાથમાં છે - **રૂઝવેલ્ટ**
- આજનું ઔષધ : ગળો, ગોખરું, આમળા, સાકર-ઘીથી ખવાય, વૃદ્ધપણું વ્યાપે નહીં, રોગ સમૂળો જાય.

**(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

સંત સજ્જન લોકો એવા દયાળુ હોય છે જે ગરીબની નાની નાની જરૂરિયાતને પણ જાણે છે.

વર્ષો પહેલા ઉત્તરકાશીમાં ભૂકંપ આવેલો. ઋષિકેષથી દિવ્યજીવન સંઘના ૨૦ જેટલા યોગ શિક્ષકોને ભૂકંપ પીડિતોની સેવામાં ઉત્તરકાશી મોકલ્યા. ત્યાં જઈ યોગ શિક્ષકોએ જોયું કે જેમાં પીડિતોને આપવા માટે રસોડાની સામગ્રી, વાસણો, કપડાં, મીણબત્તી, બાકસ, સામાન રાખવાની બેગ, ટેન્ટ, તારપોલીન અને બીજી ઘણી ઝીણી ઝીણી વિગત લીસ્ટમાં લખી.

ઋષિકેષથી એલિસ્ટ મુજબ વસ્તુઓ પાંચ ટ્રક ભરી રવાના થઈ. એ લિસ્ટમાં છેલ્લે એક વસ્તુ ઉમેરાઈ હતી જે હતી. '૧૦૦ નંગ બીડીના પડીકા'. કારણ કે શિવાનંદ સ્વામીને ખબર હતી કે ભૂકંપ પીડિત ગરીબ હોય. અને એને બીડીની આદત હોય જ. આવી ઝીણી બાબતનો ખ્યાલ રાખવો એ યોગ આચાર્ય શિવાનંદ સ્વામિને પેલા ૨૦ શિક્ષકોએ મનોમન વંદન કર્યા.

# અમેરિકા પોત પ્રકાશે છે

પેરિસ પર્યાવરણ સંધિમાં બે વરસ અગાઉ અમેરિકા સહિત ૧૯૫ દેશોએ સહી કરીને ઠરાવ્યું હતું કે સને ૨૧૦૦ સુધીમાં પૃથ્વીનું તાપમાન ૨ ડિગ્રીથી વધારે ઊંચું ન જાય એની બધા જ ભાગે મળીને તકેદારી રાખશે. આ સંમેલન ગ્લોબલ વોર્મિંગને કારણે પૃથ્વીને થઈ રહેલ અમાપ નુકશાન અટકાવવાના હેતુથી યુનાઈટેડ નેશન્સના નેજા હેઠળ બોલાવાયું હતું. પર્યાવરણ સંધિ અન્વયે તમામ દેશોએ કાર્બન ડાયકોસાઈડના ઉત્પાદન પર કાપ મૂકવાની તાકીદ કરાઈ હતી. અમેરિકા અને યુરોપના વિકસિત દેશોએ પ્રદૂષણ રહિત ઊર્જા મળી રહે એ માટે ૧૦૦ અબજ ડૉલરનું ફંડ એકઠું કરવાનું નક્કી થયેલું, જેનો લાભ સ્વાભાવિક રીતે જ અલ્પ વિકસિત દેશોના લગભગ મફતમાં મળવાની સંભાવના હતી. પૃથ્વી પર કાર્બન ડાયોકસાઈડનું સૌથી વધુ ઉત્સર્જન અત્યાર લગી અમેરિકા સહિતના વિકસિત દેશો જ કરતા રહ્યા હોઈ આ એમની નૈતિક જવાબદારી પણ હતી. એમરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ પાકા વેપારી છે. અમેરિકાના પૈસે બાકીની દુનિયાને ફાયદો પહોંચે એવું ઉદાર વલણ આ ગણતરીબાજ ઉદ્યોગપતિને હજમ થાય ખરું? પોતાના ચૂંટણી ઢંઢેરામાં જ એમણે 'અમેરિકા ફર્સ્ટ' અને 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન' જેવાં સૂત્રોનો ભરપૂર ઉપયોગ કર્યો હતો. પેરિસ સંધિમાં અમેરિકા પર ઔદ્યોગિક પ્રદૂષણ ઓછું કરવાની જવાબદારી આવતી હતી એટલું જ નહીં, એક સમૃદ્ધ રાષ્ટ્ર તરીકે એને વિકાસશીલ દેશોને આ માટે આર્થિક સહાય પણ કરવાની હતી. ટ્રમ્પ પોતે મોટા ઉદ્યોગપતિ છે, એટલે અમેરિકાના ઉદ્યોગો પર કાર્બન ડાયોકસાઈડ પેદા કરવાના મુદ્દે નિયંત્રણની વાત કે અમેરિકાના ખર્ચે ભારત અને ચીન જેવા વિકાસશીલ દેશોને રાહત પહોંચાડવાની બાબત એમને ગળે ઊતરતી નથી. પેરિસ સંધિમાં વિકાસશીલ દેશોને જ ફાયદો છે અને અમેરિકાને ધરાર નુકશાન જ

**તંત્રીસ્થાનેથી...**

નુકશાન છે એવું તારણ કાઢી ટ્રમ્પે અમેરિકાને પેરિસ સંધિમાંથી મુક્ત કરવાનો નિર્ણય કર્યો છે. છેલ્લા ઘણાં વર્ષો સુધી દુનિયામાં સૌથી વધુ કાર્બન ડાયોકસાઈડ ફેંકનારા દેશ તરીકે અમેરિકાનું નામ સૌથી મોખરે હતું. છેલ્લાં બે વરસથી એનું સ્થાન ચીને લીધું છે. પેરિસ પર્યાવરણ સંધિમાં વિકાસશીલ દેશોને હજી થોડાં વધુ વર્ષ કાર્બન ડાયોકસાઈડ પેદા કરવાની છૂટ અપાઈ છે, જે ટ્રમ્પને મંજૂર નથી. ચીન છેક ૨૦૩૦ સુધી કાર્બન ડાયોકસાઈડ પેદા કરતું રહે અને અમેરિકાને કાર્બન પ્રદૂષણ બંધ કરી દેવું તે બાબત દેખીતી રીતે એમને અન્યાયકારી લાગી છે. તડ ને ફડ ભાષામાં મનમાં આવે તે બોલી નાખવાની ટેવ ધરાવતા ટ્રમ્પે પેરિસ સંધિ ચીન અને ભારત જેવા દેશોના ફાયદામાં છે, એવું નિવેદન કરી એની સાથે સંધિમાં સામેલ થવા અબજો ડૉલરની સહાય મેળવી હોવાનું કહીનું એમણે આપણા દેશ સામેની છૂપી સૂગ પણ વ્યક્ત કરી દીધઈ છે. આવા સંજોગોમાં ફ્રાન્સના નવા વરાયેલા પ્રમુખ મેક્રોનીની ઉદાત્ત ચેષ્ટા : 'મેક પ્લેનેટ ગ્રીન' સમસ્ત પૃથ્વી ગૃહને લીલોછમ બનાવીને, જેની સામે અમેરિકાના સ્વકેન્દ્રિત હાકેમનું સૂત્ર : 'મેક અમેરિકા ગ્રેટ' - ફક્ત અમેરિકાને મહાન બનાવવાની હાકલ કેટલી વામણી લાગે છે! પર્યાવરણ સંધિમાંથી અમેરિકાએ સ્વેચ્છાએ પીછેહઠ કર્યા પછી આગામી દિવસો દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેસિડેન્ટ ટ્રમ્પ સાથેની મુલાકાત કેવી રહેશે તે જોવું રસપ્રદ બની રહેશે. અલબત્ત, અમેરિકાનાં અનેક રાજયોના ગર્વનરો ટ્રમ્પની નારાજગી વહોરીને પણ પેરિસ સંધિને ટેકો આપે એવી સંભાવના છે. ટ્રમ્પના ગાદીનશીન થવાને બદલે અમેરિકાની આબરૂ દિવસે દિવસે ધૂળધાણી થઈ રહી છે એ કહેવાની જરૂર ખરી?

# કાળી ડોક સારસ - નશીબવંતુ પક્ષી

સમગ્ર વિશ્વમાં ક્રેન કુટુમ્બની ૪ જાતિ (genera) ૧૫ પ્રજાતિના (species) પક્ષીઓ છે. આપણા ભારતમાં આ કુટુમ્બની જાતિના ૩ પક્ષીઓ કુંજ (Common Crane) કરકરા (Demoiselle Crane) અને સારસ (Saras Crane) જોવા મળે છે. સાયબેરીયન ક્રેન ભારતમાં ભરતપુર, રાજસ્થાનમાં આવતી હતી પરંતુ ઘણાં વર્ષોથી તે જોવા મળતી નથી. અગ્રેજી શબ્દ **'Crane'** નો અર્થ વાહનો ઉપાડવાનું ઉંચાઈવાળું મશીન પણ થાય છે. જેને સ્થાનિક ભાષામાં 'ઉંટડો' ભભ પણ કહે છે. તે મુજબ આ પક્ષી કુટુમ્બના બધી જ જાતિના પક્ષીઓની ઉંચાઈ અન્ય પક્ષીઓ કરતાં વધુ હોય છે. જેમાં તેમના પગ, ડોક તથા ચાંચ ઘણી લાંબી હોય છે. સારસ ક્રેન તો ઉડી શકતું હોય તેવું આપણા દેશનું ઉંચામાં ઉંચું પક્ષી છે.



કાળી ડોક સારસને અંગ્રેજીમાં બ્લેક નેકડ ક્રેન (Black-necked Crane) નામથી ઓળખવામાં આવે છે. જયારે તેનું વૈજ્ઞાનિક નામ ગ્રસ નીગ્રીકોલીસ (Grus nigricollis) છે. બ્લેક નેકડ ક્રેન જાતિનું પક્ષી તેમના ક્રેન પરિવારમાં સહુથી વધુ ઉંચાઈએ વસવાટ કરતું પક્ષી છે. ભારત, ચીન, અને ભૂતાન ના અલપાઈન (પર્વતીય) ક્ષેત્રમાં તેનો વસવાટ છે. આ પક્ષી ઉંચાઈવાળા, દુર્ગમ પર્વતીય ક્ષેત્રમાં રહેતું હોઈ મોડા મોડા છેક ૧૮૭૬ માં રશિયન પ્રકૃતિવિદ નીકોલય એમ પ્રઝેવાલ્સકી દવારા ચીનના ચીંગાઈ પ્રદેશમાં સહુ પ્રથમ જોવામાં આવ્યું. ત્યારબાદ વર્ષ ૧૯૬૦ સુધી આ પક્ષી ખુબજ ઓછું જાણીતું હતું. આ પક્ષીની ઉંચાઈ લગભગ ૧૩૫ સેન્ટીમીટર, જયારે પાંખોનો ફેલાવો ૬૨ થી ૬૪ સેન્ટીમીટર હોય છે. માથાભાગે મુગટથી જેમ ધ્યાનાકર્ષક લાલ રંગ હોય છે. જયારે માથુ, મોઢું તથા ડોક તેના નામ મુજબ કાળા રંગની હોય છે.

આ પક્ષી જમ્મુ-કશ્મીરનું રાજય પક્ષી છે. ખરેખર તો આપણા ભારત દેશમાં તે દર વર્ષે પ્રવાસી (મઈગ્રેટરી) પક્ષી તરીકે માર્ચ-એપ્રિલ માસમાં લડાખ ભાગમાં બ્રીડીંગ માટે આવે છે. જે દેશનું એકમાત્ર સ્થળ છે. અરૂણાચલ પ્રદેશમાં પણ તેનું આગમન રોકાણ જોવા મળે છે. વર્લ્ડ વાઈલ્ડ ફંડ, ઈનડિયાના દેખરખ હેઠળ વન્યજીવ નિષ્ણાંતો દવારા વર્ષ ૨૦૧૬ માં લડાખ વિસ્તારમાં થયેલ આ પક્ષીઓની ગણતરી મુજબ ૧૧૧ બ્લેક નેકકડ ક્રેન જોવા મળેલ હતી. આશ્ચર્યજનક રીતે તેમાં ફકત ૧૫ બ્રીડીંગ (સંવનન) જોડી હતી. ખુબજ ઓછી સંખ્યામાં આ પક્ષીની બ્રીડીંગ (સંવનન) જોડીઓ જોવા મળી રહી છે તે એ હકીકતનું સૂચક છે કે આ પક્ષીની વસતીમાં વધારો અગાઉના દરે થતો નથી.

ભૂતાન દેશમાં આ પક્ષીને પવિત્ર અને નશીબવંતુ માનવામાં આવે છે. દર શિયાળામાં આ પક્ષીના આગમન સમયે ઉત્સવ મનાવવામાં આવે છે. આવા ઉત્સવ દ્વારા આ પક્ષીના રક્ષણ બાબતે લોકજાગૃતિ લાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે. આજ પ્રકારના ઉત્સવનું આયોજન જમ્મુ-કશ્મીર ના લડાખ ક્ષેત્રમાં પણ યોજી શકાય. આ પક્ષીના અસ્તિત્વ સામે ઘણાં જોખમો રહેલા છે. તેના બ્રીડીંગ અને વીન્ટરીંગ ક્ષેત્રોમાં તે ખુલ?લાં ભાગોમાં રહેવાની ટેવ ધરાવતું હોઈ તેના શિકારીઓ દવારા શિકાર થવાનો મોટાપ્રમાણમાં ભય રહે છે. આ ક્ષેત્રોમાં જમીન ઉપયોગ-સ્થિતિમાં મોટા બદલાવ આવી રહયા છે. પરિણામે તેમના વાસસ્થાનો સતત ઘટી રહયા છે, નષ્ટ થઈ રહયા છે.



**વનસૃષ્ટિનો પરિચય**

હેમંત સુથાર

વિચરતી જાતિના લોકોના પશુઓના મોટાપ્રમાણમાં ચરિયાણને કારણે હરિફાઈ વધી રહી છે અને આ પ્રકારના હસ્તક્ષેપ ને કારણે તેમના બ્રીડીંગ પર અસર પડી રહી છે. એક સંશોધન પ્રમાણે બ્લેક નેકડ ક્રેનના અડધોઅડધ બચ?ચાં અને ઈંડાનું નુકશાન ચરવાહઓના કૂતરાઓ અને સુરક્ષા દળના આવન-જાવનના કારણે થાય છે. ગ્લેશિયર્સ પીગળી રહયા છે અને કાદવીયા પ્રદેશો ઘટી રહયા છે. ત્યારે આ ક્રેનો માટે બહુજ ઓછા સંરક્ષિત વિસ્તારો બચી ગયા છે.

ચોકકસ અને સતત સંરક્ષણના પ્રયાસો, લોકજાગૃતિ જેવા ગંભીર પ્રયાસો હાથ નહી ધરાયતો આ પક્ષી લુપ્ત થતાં આપણે બચાવી શકશું નહી.

# ચૂંટણી, પ્રજા અને પરિવર્તન : વર્ષ - ૨૦૧૭

ગુજરાતમાં હવે આવનારા છ મહિના ખુબ જ ભારે છે. આ ભાર બધા જ પક્ષો, બધા જ ઉમેદવારો અને પ્રજાને પણ છે. કેમ કે ચૂંટણી આવી રહી છે. જો કે ખુબીની વાત છે કે આ જ ગાળામાં ''ગુજરાતી સાહિત્ય પરિષદ''ની પણ ચૂંટણી આવી રહી છે. પહેલા સરકારની ચૂંટણીની વાત કરીએ તો જે નેતાઓ અત્યાર સુધી સૂતા હતા તેઓ હવે જાગશે અને પોતપોતાના મતવિસ્તારોમાં જઈને કામે લાગી જશે. જેઓએ પાંચ વર્ષ લોકોના કામો કર્યા હશે તેમને આવકારો મળશે અને બાકીનાને.....?

દેશભરમાં અન્ય રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીઓમાં આપણે જોયું કે પ્રજા પરિવર્તન ઈચ્છી રહી છે. વર્ષોથી ચાલતી મજબૂત સરકારને પણ ઉખેડી નાખીને સાવ નવી વ્યક્તિને તક આપણી જ પ્રજાએ આપી છે. જ્યા ભાજપ માટે વિચારવાનું પણ નહોતું બનતું ત્યા તેમને પૂર્ણ બહુમતિ સરકાર આપીને લોકોએ સાબિત કરી બતાવ્યું કે જે કામ કરશે તેમને સત્તા મળશે. શ્રી નમોએ દિલ્હીમાં આ ત્રણ વર્ષમાં આખા જગતને બતાવી દીધું કે જેને કામ કરવું છે એના માટે તો ઘણું કામ છે જ. ઉત્તર પ્રદેશમાં પણ અનેક સરકારો આવી ને ગઈ..બધાએ વિકાસની વાતો કરીને લોકોને મૂર્ખ બનાવ્યા હતા. પણ લોકો એકાદ બે વાર મૂર્ખ બને વારંવાર નહીં. અને ભાજપને સંપૂર્ણ જંગી બહુમતિ આપીને સતા આપી દીધી. અને ત્યાર પછીની યોગી સરકારે જે પગલા લીધા ત્યારે આખા દેશને જાણ થઈ કે અગાઉની બધી જ સરકારે તો યુપીની જનતાને મૂર્ખ જ બનાવી છે. ફેર એટલો છે કે યુપીમાં સમાજવાદી પાર્ટી છેલ્લા કેટલાક વર્ષોથી સતા પર હતી અને ગુજરાતમાં બીજેપી છે. ... ભલે યુપીની સામાજિક – રાજકીય સ્થિતિ અને ગુજરાતની સામાજિક-રાજકીય સ્થિતિ જુદી છે. પણ લોકોનું માનસ તો બધે એક જ સરખુ રહેવાનું. એમને તો સર્વાંગી વિકાસના કામ કરે એ ગમે. એટલે જેઓએ આ પાંચ વર્ષ પોતાના વિસ્તારોમાં કામ કર્યું હશે તેઓ બિન્દાસ્ત પોતાના મતવિસ્તારમાં હરી ફરી શકશે. બાકીના એ સુરક્ષાકર્મીઓ સાથે જવું પડશે.

આમ જોઈએ તો શ્રી નમોએ આખા ભારતની રાજનીતિ બદલી નાખી છે. પહેલા ધર્મ, જાતિ અને ખોટા વચનો ઉપર ચૂંટણીઓ જીતી શકાતી હતી. હવે માત્ર અને માત્ર ''કામ''થી જ ચૂંટણી જીતી શકાશે. જે કામ કરશે એ જીતશે. અને જો ખરેખર કામ કરવું જ છે તો દરેકના શહેરોમાં, ગામોમાં કેટલાય કામો કરવા જેવા છે. પણ હવે સમય વિતી ગયો છે. હવે તો એક માત્ર વિકલ્પ છે. ચૂંટણીનો પ્લાનિંગ સાથે પ્રચાર અને સારા માણસોની, નિષ્ઠાવાન માણસોની ટીમ. આ વખતની ચૂંટણીનો પ્રચાર પણ અલગ રીતથી કરવો પડશે. એમાં સચ્ચાઇ અને સંવેદનાના સૂર વહેવડાવા પડશે, એમાં સકારાત્મકતાના ફૂલ ખિલાવીને એની સુગંધ ચોતરફ વિખેરવી પડશે. પ્રજાના હદયને સ્પર્શે એવી વાતો, એવા પ્રશ્નોને હલ કરવાના પોતિકા વાયદા કરવા પડશે. આ વખતે પૈસા કે પીણાથી ચૂંટણી નહી જીતી શકાય. એના માટે પ્રત્યેક નેતાઓએ સાવ જુદા પ્રકારના પ્લાનિંગ, ક્રિએટિવ કામ કરવું પડશે. આજે સ્માર્ટ ફોનનો યુગ છે. લોકો બધા સ્માર્ટ બની ગયા છે. પ્રચાર પ્રસારમાં સ્માર્ટનેસ નહી હોય તો પ્રજાનો સહયોગ મળવો મુશ્કેલ છે.

ગુજરાતના લોકોનો મૂડ આ વખતે જરા જુદો છે. એવું અંદરથી લાગે છે. જો કે પ્રજા પાસે ત્રીજો કોઇ વિકલ્પ છે જ નહીં એનો ફાયદો તો આ સરકારને મળશે જ... પણ દરેક જગ્યાએ નહીં મળે. સીટો તો ઘટવાની જ. એનું કારણ વ્યક્તિગત છાપ અને વ્યક્તિગત નિષ્ક્રિયતા હશે. કેમ કે સતા મળ્યા પછી મોટાભાગના નેતા પોતાનો મતવિસ્તાર છોડીને ગાંધીનગર આવી જાય છે. અને અહી આવીને શું કરે છે તે સૌ કોઇ જાણે છે. સત્તા ઉપર આવવા પુરતી બહુમતી આવી જશે પણ યુપી જેટલી પ્રચંડ બહુમતિથી નહીં. એ માટે બધાએ ખુબ જ મહેનત કરવી પડશે. સરકારે પણ શિક્ષિત લોકોને, નવા લોકોને મેદાનમાં લાવવા પડશે, નવી ટીમ બનાવવાની શરૂઆત કરી દેવી પડશે. લોકો જ પોતાનો ત્રીજો વિકલ્પ શોધી લે એ પહેલા સરકારે જ આ ત્રીજો વિકલ્પ યુવા શક્તિને બનાવીને અત્યારથી તૈયાર કરવાની જરૂર છે. અથવા તો આ વખતે જ ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના નેતાઓને આરામ આપી અન્ય નવા ચહેરાને લાવવાની જરૂર છે. તો શક્ય છે આના પછીની જે સરકાર આવશે તે યુવા સરકાર હશે.

જો કરવા હોય તો હજીયે પ્રજાકીય હિતના ઘણા કામો ગુજરાતમાં કરવા જેવા છે. જેના પ્રત્યે કોઇનું ધ્યાન નથી ગયું. શિક્ષણમાં જુઓ કે શહેરી વિકાસમાં જુઓ કે રેવન્યુમાં જુઓ. સરકારી ભરતીમાં જુઓ કે સરકારી કચેરીની કામગીરીમાં જુઓ કે વ્યવસ્થામાં જુઓ... બધામાં ઘણુંબધુ કામ બાકી છે. અત્યારે દરેક મતવિસ્તારમાં દરેક ધારાસભ્યો ''યોગી'' બની શકે છે. પણ આ પાંચ વર્ષમાં સૌ એ શું કર્યું તે આપણે સૌ જાણીએ છીએ. ચૂંટણી આવે ત્યારે છ મહિના અગાઉ કામ કરીને ચૂંટણી જીતવાનો સમય હવે નથી રહ્યો... પ્રજા હવે બધુ જ સમજતી થઇ ગઇ છે. હવે તો પાંચેય વર્ષ કામ કરીને છેલ્લા છ મહિના ચૂંટણીની કામગીરી કરવાનો સમય છે. અને જો યોગીજીની જેમ કે મોદીજીની જેમ સતત કામ કર્યું હશે તો મત વિસ્તારમાં ય જવાની જરૂર નહી પડે. પ્રજા જ તમને જંગી બહુમતિથી જીતાડશે. કેમ કે નેતાએ પ્રજાને ક્યાંક અન્યાય કર્યો હશે પણ પ્રજાએ ક્યારેય નેતાને અન્યાય કર્યો નથી. આજે દરેક લોકો પરિવર્તન ઈચ્છી રહ્યા છે. એક સિસ્ટમ કામ ના કરે તો તરત બીજી સિસ્ટમ કામે લગાવાય છે એ કુદરતી ક્રમ છે. છેલ્લા કેટલાક સમયથી તો મોટાભાગના નેતાઓ શ્રી નમોના નામ-કામ અને પ્રભાવથી ચૂંટાતા આવ્યા છે. પણ એ કરિશ્મા આ વખતની ચૂંટણીમાં કામ નથી આવવાનો કેમ કે શ્રી નમોનો કરિશ્માઈ પ્રભાવ હવે આખા ભારત પર અને વૈશ્વિક કક્ષાએ છવાયેલો છે. તેથી ગુજરાતમાં એની અસર ઓછી વર્તાશે. બીજુ કે શ્રી નમોની ઈમેજ આખા વિશ્વમાં કામ કરતા પ્રધાનમંત્રી તરીકેની છે. પણ અહીં એવા કેટલા નેતાઓ છે, કે પોતાના જ મત વિસ્તારમાં જેમની ઈમેજ કામ કરતા નેતાની હોય? સૌ નેતાઓ પોતપોતાની જાતની અંદર જોશે તો આપોઆપ સમજાશે. તો પછી પરિણામ પણ એવું જ મળશે ને?



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

આજે વૈશ્વિક કક્ષાએ પણ પ્રજાકીય પરિવર્તનો જોઇ શકાયા છે. ફ્રાંસમાં આ વખતે માત્ર ૩૭ વર્ષનો યુવાન ઈમેન્યુઅલ મેક્રોન ફ્રાન્સનો રાષ્ટ્રપ્રમુખ બન્યો છે. જે સાવ મધ્યમવર્ગીય છે. એના ઊંડાણમાં જોઈશું તો ખ્યાલ આવશે કે પ્રજા કોઈપણ દેશ કે પ્રદેશની હોય. કામ નહી કરો તો બદલી નાખશે. દેશભરમાં આજે મોદીજી અને યોગીજીએ એક નવી આશા જગાવી છે. તો ગુજરાતમાં કેમ કોઈ એવું કામ ના કરી શકે? પ્રજા એક વખત ભૂલ ચોક્કસ કરે છે, બહુ બહુ તો બીજી વખત પણ છેતરાઈ જાય પણ આ ગુજરાત છે અહીં ત્રીજી વખત તો સગા ભાઈને પણ છોડતી નથી આ પ્રજા. તેથી હવે નવા નવા મુદ્દાઓ કાઢીને કે નવી નવી આગામી યોજનાઓ બતાવીને કે નવા નવા સપનાઓ બતાવીને કે હયાત સરકારની સાચી ખોટી ટીકાઓ કરીને હવે આ વખતે કોઈપણ પક્ષને ચૂંટણી જીતવી અશક્ય છે. આ વખતે માત્ર કામ જ બોલશે. એ પછી કોંગ્રેસ હશે કે બીજેપી.

આપણી રાજનીતિમાં બીજી એક સમસ્યા એ પણ છે કે અહીં કોઈપણ પક્ષ સત્તા પર ના આવ્યો એટલે તે એવું સમજે છે કે હવે ગુજરાતનો વિકાસ આપણે નહી, ચૂંટાયેલી સરકાર કરશે. આપણે શું? અને પછી આક્રમકતાથી ચૂંટાયેલી સરકારના દરેક કામોમાં વિઘ્નો નાખવાનું ચાલું કરીને પાંચ વર્ષ પુરા કરે છે સાથે સાથે સતાધારી પક્ષની દરેક યોજનાઓમાં ભ્રષ્ટાચારના આક્ષેપો મૂકી મિડીયા દ્વારા પ્રજા સમક્ષ પોતે જ પોતાની નેગેટિવ છબિ બનાવે છે અને ચૂંટણી વખતે પછી સકારાત્મક વાતો કરે તો પ્રજા ક્યાંથી વિશ્વાસ કરે? તમે ચૂંટાઈને સત્તા પર આવો અને લોકોના કામ કરો એ તો સૌ કોઈ કરી શકે. એ સામાન્ય ઘટના છે. પણ ચૂંટણી હારી ગયા પછી પણ લોકોના કામ કર્યા છે ખરા? ખરેખર તો એ જ પાંચ વર્ષ સાચા છે રાજનીતિમાં સ્થિર થવાના. કેમ કે જીતનાર ઉમેદવાર તો જીતીને ગાંધીનગર ભેગા થઈ જશે અને પોતાના મતવિસ્તારમાં ભાગ્યે જ ડોકાશે. પણ હારનાર ઉમેદવાર તો ત્યા જ છે. એ પાંચ વર્ષ શું કરે છે? આપણી રાજનીતિમાં બીજાની લીટી નાની કરીને પોતાની લીટી મોટી કરવાની જ્યા સુધી વૃત્તિ છે ત્યા સુધી ચૂંટણી દાવ પેચથી જ જીતવી પડશે. અને પ્રજા દર વખતે આ દાવ પેચ નહી ચાલવા દે એ પણ હકિકત છે. ચૂંટાઈ જવું સહેલું છે. પણ ચૂંટાયા પછી પાંચ વર્ષ ગાંધીનગરને બદલે લોકોના દિલ પર રાજ કરવું અઘરું છે. મેં એવા પણ નેતાઓ જોયા છે કે પહેલી જ વખત જંગી બહુમતિથી ચૂંટાઈને ધારાસભ્યમાંથી સીધા જ કેબિનેટ મંત્રી બન્યા હોય અને બીજી જ ચૂંટણીમાં એ જ મત વિસ્તારમાં ખુબ જ ખરાબ રીતે હાર્યા હોય. હાર્યા પછી એમને એમની ભૂલો સમજાય છે પણ પછી સમય જતો રહ્યો હોય છે. એટલે

**અનુસંધાન પાના નં. ૭ પર**

# જાણવા-માણવા જેવી ટેકનોલોજી છે 'રેડિયો-ગાર્ડન'

ટી.વી-ટેલીફોનથી પણ જુના અને એક સમયે શાહુકાહારીની નિશાની ગણાતાં એવા રેડિયોને તે સમયના વિકિસત દેશોની શાથે અંગ્રજોનું રાજ હોવાથી ભારતમાં પણ આવતાં વાર ન લાગી. જોકે તે સમયના રેડિયો આજની જેમ હથેળીમાં સમાઈ તેવા તો ન જ હતા પણ આજે ઉપલબ્ધ વિવિધ ચેનલો અને આટલા વિકલ્પો પણ અસ્તિત્વમાં ન હતા. જોકે મોબાઈલ ફોન આવ્યા બાદ રેડિયો અને ઉપરાંતની ઘણી બધી વસ્તુઓને જાણે રીટાયરમેન્ટ મળી ગયુ. પણ ઉડીને આંખો વળગે તેવી વાત એ છે કે આજના આધુનિક સમયમાં ભલે માત્ર મનોરંજન ખાતર પણ રેડિયો સાંભળવાનું લોકો પસંદ કરે છે. વળી વાહનોમાં પણ આ સુવિધાનો બહોળે અંશે ઉપયોગ થવો શરુ થયો. કોમ્પ્યુટર ટેકનોલોજી અને માહિતી-વિગ્યાનના વિકાસની સાથે રેડિયોનું સ્વરુપ માત્ર ન બદલાતાં શ્રોતાઓને રેડિયો પરના મનોરેજન માટે વધુ વિકલ્પો મળી રહે તેવી ટેકનોલોજી વિકાસાવવામાં આવી અને એવી જ એક ચકાસવા જેવી અને જાણવા-માણવા જેવી ટેકનોલોજી છે રેડિયો-ગાર્ડન.

આપ રેડિયો-ગાર્ડનનો કોમ્પ્યુટર, ટેબલેટ અથવન મોબાઈલ પર ઉપયોગ કરી શકો. વળો, વેબસાઈટ અને મોબાઈલ એપ બન્ને સ્વરુપે આ સગવડ ઉપલબ્ધ છે. ઈન્ટરનેટ જોડાણ અનિવાર્ય રહેશે કેમકે દરેક એફ.એમ.ના દરેકે કેન્દ્રને તમે લાઈન સાંભળી શકો તેવો હેતુ રહેલો છે. તે માટે સૌપ્રથમ એડ્સબારમાં radio.garden/live ટાઈપ કરી અથવા પ્લેસ્ટોરમાં radio Ganden સર્ચ કરીને એપ્લોકેશન ડાઉનલોડ કરીને ઓપન કરો. ભૂરા રંગે રંગાયેલાં આખાયે સ્કીનમાં એકદમ વચ્ચે એરોના નિશાન સાથેનું પ્લે બટન જણાશે. કેન્દ્ લોડ થવાની પ્રોસેસ થતી હોવાના મેસેજ સાથે પૃથ્વીનો ગોળો ગોળો જેમ જેમ ઘૂમશે તેમ લીલાં બિંદુઓ સ્વરુપે સ્ટેશનો દેખાવા લાગશે. અંતમાં ઓટોમેટીકલી આપણા ભારત દેશ ઝૂમ-ઈન થઈને મોટો થશે અને રેડિયો કેન્દ્ ધરાવતાં દરેક સ્થળ શહેર દર્શાવતા લીલાં બિંદુ નજરે પડશે. સાથે + ના નિશાન સાથે સફેદ કલરનું વર્તુળ કે જેને આધારે આપ સ્થળ/શહેર પર લીલાં બિંદુ ઉપર ફોકસ સેટ કરીને અથવા માત્ર બિંદુ પર કિલક/ટચ કરીને પણ તે શહેરનો રેડિયો સાંભળી શકો. સ્થળ/શહેરનાં નામો કે લેબલ નથી માત્ર લીલાં રંગના બિંદુઓથી જ કેન્દ્ર હોવાની ઓળખ આપવામાં આવે છે. નકશાની થોડી-ઘણી સમજ હોય તો ધારેલું શહેર તરત જ મળી જશે. કોમ્પ્યુટરમાં માઉસને ડ્રગ કરવાથી અથવા મોબાઈલ ટેબ્લેટમાં આંગળીઓ દ્વારા સ્કીન સ્કોલ કરવાથી અથવા કિલક કરવાથી વિદેશોમાં એજ સમયે વાગી રહેલો રેડિયો માણી શકાશે. ઉપરાંત જે-તે સ્થળ/શહેરની પ્રાદેશિક રેડિયો ચેનલોનો પણ સમાવેશ કરવામાં આવેલો છે. તેથી કોઈપણ શહેરની પસંદગી કર્યા બાદ તે સ્થળની અન્ય ચેનલોનો વિકલ્પ આપની પાસે છે. દા.ત. હૈદરાબાદ પસંદ કરવાથી કોઈ એકાદ કેન્દ્ર પર ચાલતાં કાર્યક્રમો તો સાંભળવવા લાગશે જ પણ નીચે જમણી બાજુ Andhra Mirchi Radio, BTC Tamil FM, Rediocity Telegu અને એવા કેટલાંક વધુ ચેનલોનો વિકલ્પ બતાવશે. તેમની ઉપર ટચ/ક્લિક કરવાથી તે કેન્દ્ર પણ સાંભળી શકશો. લાઈવ રેડિયો સિવાય કોઈ ચોક્કસ કેટેગરી ધરાવતાં કાર્યક્રમો સંભાળવા હોય તો ઉપરની તરફ ડાબી બાજુ Stories, History, Music એવી કેટેગરી આપવામાં આવી છે. ઐતિહાસિક બાબતોના કાર્યક્રમો અથવા વાર્તાલાપ કે કથા આધારિત કાર્યક્રમો માણવા માટે આપ લાઈવ સિવાયની અન્ય લાગુ પડતી કેટેગરી ઉપર ક્લિક/ટચ કરવાથી દરેકની બદલે માત્ર પસંદ કરેલ કેટેગરીને લાગુ પડતાં કેન્દ્રો જ દેખાશે.

**અતિથિ કોલમ**

નિનાદ સુરેશચંદ્ર ભટ્ટ

અમદાવાદનું સ્ટેશન અમદાવાદમાં જ સાંભળવી શકાઈ તે દિવસોને રેડિયો ગાર્ડન દ્વારા તિલાંજલિ આપી દેવામાં આવી એમ કહેવામાં જરાય અતોશયોક્તિ નથી. રેડિયો - ગાર્ડનમાં જગતભરના લગભગ ૭૦૦ થી પણ વધુ સ્ટેશનોમાં આપ મનગમતું કેન્દ્ર લાઈવ સાંભળી શકો તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. અલગ રાષ્ટ્રમાં સ્થાયી થયેલ કોઈ પણ વ્યક્તિ પોતાના રાષ્ટ્ર / રાજય ના કોઈ પણ એફ.એમ. સ્ટેશનને સાંભળી શકે અને એ પણ સેકન્ડોની ગણતરીમાં. રેડિયો - ગાર્ડનના ઉદાહરણને આધારે કહી શકાય કે ટેકનોલોજી માત્ર નવી શોધ-ખોળો માટે જ નહિ પણ જૂની કહી શકાય તેવી 'આઉટ ડેટ' પ્રમાલીઓને નવા સ્વરુપમાં રજૂ કરવા માટે પણ એટલી જ મહત્ત્વની છે.